INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

===================================================================

અખબારી યાદી તા ૧/૭/૨૦૨૩

- **રાજય સરકાર ગુજરાત રાજ્ય બીજ નિગમ ચલાવમા તો નિષ્ફળ પરંતુ ખેડુતોને ગુણવત્તા સભર અને વાજબી બિયારણના વિકલ્પ આપવામા પણ નિષ્ફળ. – મનહર પટેલ**
- **રાજય સરકાર પાસે કપાસના બિયારણની કૃષિ યુનિવર્સિટીઓની જાતો નથી એટલે ખાનગી કંપનીઓ માટે સરકારી ખર્ચે નિદર્શન કાર્યક્રમો કરવો પડે છે. આ છે રાજ્યનો આ 27 વર્ષનો વિકાસ ? – મનહર પટેલ**
- **ખેડુતોને ગુણવત્તા સભર અને વાજબી ભાવે બીજ પુરુ પાડવામા રાજ્ય સરકાર સંપુર્ણ નિષ્ફળ એટલે રાજ્યનો કૃષિ વિભાગ ખાનગી બીજ ઉત્પાદક કંપનીઓના એજન્ટ બનીને કામ કરે છે.- મનહર પટેલ**
- **રાજય સરકાર મોંઢુ સંતાડ્યા વગર જવાબ આપે કે પુર્વ સરકારમા ઉભુ કરેલ કૃષિ યુનિ.નુ 27 વર્ષનુ સંશોધન અને તેનુ માળખુ ક્યા ગયુ ? – મનહર પટેલ**

કેન્દ્ર સરકાર બાજરા વર્ષ ઉજવવાની જાહેરાત કરી ચુક્યુ છે અને બાજરા બિયારણ ખાનગી કંપનીનું આપવાની સ્થિતિ આવી ગઈ છે.

ખેડુત પાંચ મહિના મહેનત કરીને બાજરાનુ બીજ ઉત્પાદન પ્રોગ્રામ કરે ખેડુતોને કિલોના ૧૯૦/- રુપિયા ચુકવે છે અને બીજ નિગમ પેકીંગ કરીને ખેડુતોને ડબલ ઉપર ભાવ કરીને બે કીલોના ૮૮૮/- રુપિયે વેચે છે. આમ બીજ ઉત્પાદન કરતા ખેડુતોને નજીવી રકમ ચુકવીને ખેડુતો બીજ ઉત્પાદન પ્રોગ્રામ કરતા બંધ થાય અને બીજ મોંઘા ભાવે ખેડુતોને વેચાય રહ્યુ છે.કંપનીઓ તગડા નફા ખેડુતો પાસેથી વસુલે છે.આ વહીવટ અંતે બીજ નિગમને તાળા મારવાનુ ભાજપા સરકારનુ કારસ્તાન છે

એવી રીતે ગુજરાત રાજ્ય બિજ નિગમ મકાઇનુ બિયારણ ખેડુત પાસેથી 8 વર્ષથી ૬૫/-રુપિયે ૧ કિલો ખરીદવાનો પ્રોગ્રામ આપે છે અને બિજ નિગમ વેચાણ કરે ૧૨૫/- રુપિયે કિલો. (૪ કિલો પેકીગ ૫૦૦/- રુપિયે.) આમ રાજયના બિજ નિગમના બીજ ઉત્પાદનના પ્રોગ્રામ લેવામા સામેથી ખેડુતો ના પાડે તેવા પ્રયાસો કરીને ખાનગી બીજ ઉત્પાદકોને લાભ આપવાનો આ ભાજપા સરકારનો રવૈયો છે. આવા અનેક પાકના બીજ ઉત્પાદન પ્રોગ્રામોની સ્થિતિ છે.

વધારામા આજે ગુજરાત રાજ્ય બિજ પ્રમાણિત એજન્સી પાસે બિલકુલ સ્ટાફ નથી તેના કારણે સરકારી ધારા ધોરણો મુજબ ટેગીંગ કર્યા વગર ખાનગી કંપનીઓનુ બિયારણ વેચાઈ રહ્યુ છે., આ સાથે સીલ વગરની દિવેલાની એક બીજ પ્રમાણિત એજન્સીની હકીકત દર્શાવે છે, આ કારણોસર જ બીજની ગુણવત્તા ઉપર મોટા પ્રશ્નો ઉભા થયેલા રહે છે.

આમ રાજ્ય સરકાર બીજ ઉત્પાદનનો પ્રોગ્રામ કરતા ખેડુતો કે બીજ ખરીદતા ખેડુતો હોય બે માંથી એક પણ પ્રત્યે નૈતિકતાના ધોરણે ફરજ નિભાવવામા નિષ્ફળ છે. અને આ કોઇ સહજ કે શરતચુક નથી ભાજપા સરકારની ખેતી અને ખેડુત વિરોધી નિતીનો આ નિચોડ છે.

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ

